ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/ ૯૦
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૬ /૫/૨૦૧૫

**//પરિપત્ર//**

વિષયઃ- ટુરિઝમ પોલિસી ૧૯૯૫-૨૦૦૦ અંતર્ગત ફાળવેલ મિલ્કતો પરત્વેની વિવિધ દરખાસ્તો અંગેની નીતિ.

ટુરિઝમ ક્ષેત્રને પ્રોત્સાહન પુરૂ પાડવા ગુજરાત સરકારની ટુરિઝમ પોલીસી – ૧૯૯૫ કે જે "New Package Scheme of Incentives for Tourism Projects 1995-2000" જારી કરવામાં આવેલ. તેના અનુસંધાને નિગમ ધ્વારા તા. ૨૬/૧૦/૧૯૯૬ અને તા.૧/૧૦/૧૯૯૭ ના પરિપત્રથી સંદર્ભદર્શિત ટુરિઝમ પોલિસીના ધારાધોરણ મુજબના હોટેલ, મોટેલ, એપાર્ટમેન્ટ હોટેલ, એકઝિબિશન સેન્ટર, એન્ટરટેઇન્મેન્ટ કોમ્પલેક્ષનાં પ્રોજેકટ માટે જમીન ફાળવવાની પોલીસી અમલમાં મુકેલ.

નિગમના ફાળવણીદારો કે જેઓને સદર ટુરીઝમ પોલીસી હેઠળ જમીન ફાળવવામાં આવેલ છે તેઓને મિલ્કતની તબદીલી, ઉપયોગની સમય મર્યાદા વધારી આપવા અંગે, પેટા વિભાજન, એકત્રીકરણ, પેટા ભાડે, કબજો પરત સોંપવા, લગતી ફાળવણીની દરખાસ્તની મંજુરી આપવા સમયે કયો ફાળવણી દર લાગુ પાડવો તે અંગે હવે ઉપરાંત નીચે મુજબની નીતિ લાગુ કરવાની રહેશે.

(૧) સદર ફાળવણી ‘‘મર્યાદિત પ્રકારની વાણિજય હેતુ’’ માટેની ફાળવણી તરીકે ઓળખાશે.

(૨) સદર નીતિ હેઠળ ફાળવેલ મિલકતો હવે પછીથી વાણિજયક મિલકતો તરીકે ગણાશે અને સદર બાબતનો સુધારો વિકાસ નકશામાં આમેજ કરવાનો રહેશે.

(૩) કોઇપણ સંજોગોમાં સદર મિલકતોની ફાળવણીનો હેતુ / ધંધાનો પ્રકાર બદલી આપવામાં આવશે નહીં.

જો કોઇ ફાળવણીદાર નિયત કરેલ હેતુસર મિલકતનો ઉપયોગ કરવામાં નિષ્ફળ જાય તો, નિગમ ધ્વારા જી.પી.પી. એકટ હેઠળ સદર મિલકતનો કબજો પરત લેવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) તબદીલી, ઉપયોગની સમયમર્યાદા વધારી આપવા અંગે, પેટા વિભાજન, એકત્રીકરણ, પેટા ભાડે, કબજો પરત સોંપવા, લગત ફાળવણીની જેવી કોઇપણ દરખાસ્ત માટે પ્રવર્તમાન વાણિજય દર લાગુ પાડવાનો રહેશે.

નિગમ ધ્વારા આવી તબદીલી કે પેટાવિભાજનની દરખાસ્તને મંજૂરી આપતી વખતે ફાળવણીનો હેતુ બદલાય નહીં તે જોવાનું રહેશે.

(૫) જો નિગમ ધ્વારા જી.પી.પી. એકટ હેઠળ સદર ટુરિઝમ પોલિસી હેઠળ ફાળવવામાં આવેલ મિલકતોનો કબજો પરત સંભાળેલ હોય અને ફાળવણીદાર દ્વારા અગાઉ કરેલ ફાળવણીના હેતુ અન્વયેનો જ પ્રોજેકટ અમલમાં મુકવા અન્વયે રીસ્ટોરેશનની માંગણી કરવામાં આવે તો તેવા કિસ્સામાં, જો આવી નીતિ અમલમાં હોય તો ગુણદોષને આધારિત ચકાસણી કરી નિર્ણય લેવાનો રહેશે. પરંતુ સદર રીસ્ટોરેશન વખતે પ્રવર્તમાન વાણિજય દર લાગુ પાડવાનો રહેશે.

(૬) આવા કિસ્સાઓમાં અગાઉ કરવામાં આવેલ નિર્ણયોને આખરી ગણવાના રહેશે.

(૭) સદર પ્રકારના ખાસ વાણિજય હેતુસરની ફાળવણીના કિસ્સામાં કોઇપણ પ્રકારની દરખાસ્તને મંજૂરી આપવાની સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટ સંચાલકશ્રીને હસ્તક રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ–**

(૧) પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ).